### સ્થાનિકોનું તંત્રને સાત દિવસનું અલ્ટીમેટમ, ઉગ્ર આંદોલનની ચેતવણી

# તાંદલજામાં પીવાનું પાણી દુષિત મળતાં રોગચાળાનો સેવાતો ભય

**છેલ્લા એક** વર્ષથી કોર્પોરેશનની બેદરકારીથી પ્રજાની સહનશક્તિ ખૂટી



(પ્રતિનિધિ) વડોદરા તા.15

તાંદલજા ગામના લીમડી ફળિયા, ગરાસિયા વાડ વિસ્તારમાં છેલ્લા એક વર્ષથી પીવાના પાણીમાં ગટરની ગંદકી ભળવાની ગંભીર સમસ્યાએ સ્થાનિકોની મુશ્કેલીમાં તોતિંગ વધારો કર્યો છે. સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે આ વિસ્તારના રહીશો નરકાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર બન્યા છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, ઘરોમાં આવતું પાણી અત્યંત દૂષિત અને દુર્ગંધયુક્ત હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. આ અંગે સ્થાનિકોએ અનેક વખત કોર્પોરેશનના સંબંધિત વિભાગમાં લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. જોકે, પાલિકાના અધિકારીઓ દર વખતે ગટર લાઈન ભરાઈ જવાના કારણે પાણી પ્રદૂષિત થતું હોવાનું બહાનું ધરીને પલ્લું ઝાડી લે છે. પીવાના પાણીની લાઈન અને ડ્રેનેજ લાઈનને પરસ્પર અલગ રાખવાની પ્રાથમિક જવાબદારી તંત્રની છે, જેમાં તે સદંતર નિષ્ફળ નીવડ્યું છે. ગટર અને પાણીની લાઈનો ભેગી થઈ જતાં લોકોના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે. વિસ્તારમાં ઝાડા-ઉલટી, તાવ અને કમળા જેવા પાણીજન્ય તેમજ ચામડીના રોગોના કેસો ચિંતાજનક વધતાં રોગચાળો ફાટી નીકળવાની ભીતિ છે. પાલિકા સત્તાધીશોને સાત દિવસનું અલ્ટીમેટમ આપતા ચેતવણી આપી છે કે, જો નિર્ધારિત સમયમાં આ જટિલ સમસ્યાનો કાયમી નિકાલ નહીં આવે તો કોર્પોરેશન કચેરી ખાતે ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

### પોક્સો અને અપહરણના ગુનામાં

# છેલ્લા ૬ વર્ષથી નાસતો ફરતો આરોપી મંજૂસરથી ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.15

રાજ્યવ્યાપી નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે ચાલી રહેલી વિશેષ ડ્રાઈવ દરમિયાન વડોદરા ગ્રામ્ય SOGને મહત્વની સફળતા મળી છે. દાહોદ જિલ્લાના લીમખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ અને પોક્સો એક્ટના ગુનામાં છેલ્લા છ વર્ષથી ફરાર આરોપીને મંજુસર ગામમાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વિવિધ ગુનામા નાસતા-ફરતા આરોપીઓને પકડવા માટે 10 દિવસીય વિશેષ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. તેના અનુસંધાને વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદીપસિંહ તથા વડોદરા ગ્રામ્ય પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ 'ઓપરેશન પરાક્રમ' અંતર્ગત તા. 12 જૂનથી 21 જૂન 2026 સુધી વિશેષ ડ્રાઈવ યોજવામાં આવી છે. આ અભિયાન દરમિયાન એસઓજીની ટીમોએ નાસતા-ફરતા આરોપીઓ અંગે બાતમી એકત્રિત કરી કાર્યવાહી હાથ ધરી હતી. દરમિયાન એસઓજીના એએસઆઈ અજીતસિંહ ગનુભાને ચોક્કસ માહિતી મળી હતી કે દાહોદ જિલ્લાના લીમખેડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ અને પોક્સો એક્ટના ગુનામાં છેલ્લા છ વર્ષથી ફરાર સંદિપ ચંદ્રસિંહ સોલંકી (પઢીયાર) હાલ સાવલી તાલુકાના મંજુસર ગામમાં રહે છે. બાતમીના આધારે એસઓજીની ટીમે તાત્કાલિક દરોડો પાડી આરોપી સંદિપ ચંદ્રસિંહ સોલંકી (પઢીયાર) (હાલ રહેઃ સુથાર ફળિયું, મંજુસર ગામ, તા. સાવલી, જી. વડોદરા,મૂળ વતનઃ રણછોડજી મંદિર પાસે, ગોરવા ગામ, વડોદરા શહેર) ને ઝડપી પાડ્યો હતો. પકડાયેલા આરોપી સામે લીમખેડા પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતાની કલમ 363, 366 તેમજ પોક્સો એક્ટની કલમ 8 હેઠળ ગુનો નોંધાયેલો છે.

### આજે તો મારે આપઘાત કરવો છે

# પત્નીથી કંટાળીને મહીસાગર બ્રિજ પર પહોંચેલા યુવકને પોલીસે બચાવ્યો

**નંદેસરી પોલીસ** અને શી-ટીમના કાઉન્સેલિંગ બાદ દંપતીને પરિવારને સોંપાયું



(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા નજીક ફાજલપુર પાસે આવેલા મહીસાગર નદીના બ્રિજ પરથી આત્મહત્યા કરવા પહોંચેલા 26 વર્ષીય યુવકને જનરક્ષક-112 અને નંદેસરી પોલીસે સમયસર બચાવી લીધો હતો. પત્ની સાથેના રોજિંદા ઘરેલુ વિવાદોથી કંટાળેલા યુવકે આત્મહત્યાનો નિર્ણય લીધો હતો, પરંતુ પોલીસના હસ્તક્ષેપ અને કાઉન્સેલિંગથી એક પરિવાર તૂટતા બચી ગયો હતો. ખોડિયારનગર વિસ્તારમાં આવેલા વ્હાઈટ વુડાના મકાનમાં રહેતા કરણભાઈ જીવણભાઈ મારવાડી (ઉ.વ. 26) પત્ની સાથે રહે છે. છેલ્લા કેટલાક સમયથી પતિ-પત્ની વચ્ચે ઘરેલુ કકળાટ અને રોજિંદા ઝઘડાઓ થતા હતા. આ પરિસ્થિતિથી કંટાળીને કરણભાઈએ પત્નીને કહ્યું હતું કે, "આજે તો મારે નદીમાં કૂદીને આપઘાત કરવો છે." ત્યારબાદ કરણભાઈ પત્નીને સાથે લઈને એક્ટિવા પર સમા વિસ્તારમાંથી ફાજલપુર નજીક આવેલા મહીસાગર બ્રિજ સુધી પહોંચ્યા હતા. બ્રિજ પર બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થતાં ત્યાંથી પસાર થતા કોઈ જાગૃત નાગરિકે તરત જ જનરક્ષક-112ને જાણ કરી હતી. સૂચના મળતાં જ જનરક્ષક-112ની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિને કાબૂમાં લઈને યુવકને આત્મહત્યાનું પગલું ભરતા અટકાવ્યો હતો. બાદમાં પતિ-પત્નીને સુરક્ષિત રીતે નંદેસરી પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા. નંદેસરી પોલીસ સ્ટેશનના પીઆઈ બી.ડી. જાડેજાના માર્ગદર્શન હેઠળ એએસઆઈ શૈલેષભાઈ રાઠોડ તથા પોલીસ સ્ટાફ અને મહિલા શી-ટીમ દ્વારા સાંત્વના કેન્દ્ર હેઠળ દંપતીનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન આત્મહત્યા કોઈપણ સમસ્યાનું સમાધાન નથી તેમજ જીવનનું મહત્વ શું છે તે અંગે સમજણ આપવામાં આવી હતી.

### સાતમા માસમાં બાળકના મૃત્યુના આઘાત બાદ પતિ વ્યસની બન્યો

# પત્નીને માનસિક ત્રાસ આપતા પતિનું કાઉન્સેલિંગ બાદ પરિણીતાને રાહત

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરના છાણી વિસ્તારમાં રહેતી મહિલાનું મૂળ વતન ઉત્તર પ્રદેશમાં છે. જોકે તેના માતા-પિતા વર્ષો પહેલાં રોજગારી માટે વડોદરા આવ્યા હતા અને ત્યારથી પરિવાર અહીં જ વસવાટ કરે છે. મહિલાના લગ્ન પણ વડોદરામાં જ થયા હતા. પિતાના અવસાન બાદ તેના બંને ભાઈઓ પોતપોતાના પરિવારો સાથે અલગ રહેતા હોવાથી મહિલાને પિયર તરફથી ખાસ સહારો મળતો નહોતો. બીજી તરફ સાસરી પક્ષ તરફથી પણ પૂરતો સહકાર મળતો ન હતો. પતિ-પત્ની છેલ્લા દસ વર્ષથી અલગ રહી પોતાના જીવનનિર્વાહ માટે મહેનત કરી રહ્યા છે.

CALL 181
મહિલા હેલ્પલાઈન
સલાહ • બચાવ-મદદ • સૂચન-માર્ગદર્શન

મહિલા ઘરકામ કરીને અને પતિ કંપનીમાં છૂટક મજૂરી કરીને ગુજરાન ચલાવે છે. લગ્નના દસ વર્ષ સુધી સંતાન ન થતાં પતિ દારૂના વ્યસનમાં સપડાઈ પત્નીને માનસિક ત્રાસ આપતો હતો. મહિલા પોતાની વ્યથા પિયરમાં જણાવતી, પરંતુ ત્યાંથી પણ તેને સહન કરીને પતિ સાથે રહેવાની સલાહ મળતી હતી. આ દરમિયાન દસ વર્ષ બાદ મહિલાને ગર્ભધારણ થતાં પરિવારમાં ખુશીનો માહોલ સર્જાયો હતો.

પતિએ પણ વ્યસન છોડી દીધું અને બંને સુખી જીવન જીવવા લાગ્યા હતા. જોકે ગર્ભાવસ્થાના સાતમા મહિનામાં અચાનક પ્રસૂતિની પીડા ઉપડતાં બાળકનું મૃત્યુ થયું હતું. આ ઘટનાથી પતિ ભારે આઘાતમાં આવી ગયો અને ફરી દારૂના વ્યસને ચડી ગયો હતો. ત્યારબાદ પતીએ પત્નીને માનસિક રીતે હેરાન કરવા લાગ્યો હતો. દુઃખના આ સમયમાં પણ પિયર પક્ષે આશરો ન આપતાં મહિલાએ આખરે 181 અભયમ મહિલા ટીમની મદદ માંગી હતી.

અભયમ ટીમે બંનેનું કાઉન્સેલિંગ કરતાં પતિને પોતાની ભૂલનો અહેસાસ થયો હતો. તેણે જણાવ્યું હતું કે બાળક ગુમાવવાનું દુઃખ જેટલું તેને છે, તેનાથી વધુ દુઃખ તેની પત્નીને થયું છે અને તે જે વર્તન કરી રહ્યો હતો તે ખોટું છે. પતિએ પત્નીની માફી માંગીને ભવિષ્યમાં નશો નહીં કરે તેમજ કોઈપણ પ્રકારનો માનસિક ત્રાસ નહીં આપે તેવી ખાતરી આપી હતી.

### ડરી ગયેલી સગીરાએ 181ની મદદ માગી

# તારો ઘમંડ ઉતારી દઈશ કહી, વિદ્યાર્થિનીને ધમકાવતો યુવક

(પ્રતિનિધિ) વડોદરા તા.15

વડોદરા શહેરના એક વિસ્તારમાં રહેતી 17 વર્ષની યુવતીએ 181 અભયમ હેલ્પલાઈન પર કોલ કરીને ફરિયાદ કરી હતી કે તેની સોસાયટીમાં રહેતો એક યુવક લાંબા સમયથી તેની છેડતી કરીને માનસિક ત્રાસ આપી રહ્યો છે. ફરિયાદ મળતા અભયમની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને યુવતી તેમજ તેના પરિવારજનો સાથે વાતચીત કરીને સમગ્ર ઘટનાની માહિતી મેળવી હતી. કાઉન્સેલિંગ દરમિયાન જાણવા મળ્યું હતું કે આરોપી યુવક છેલ્લા પાંચથી છ મહિનાથી યુવતીનો પીછો કરતો હતો અને તેને વારંવાર હેરાન કરતો હતો. યુવતી જ્યારે એકલી હોય ત્યારે તેની સાથે વાત કરવાનો અને નજીક આવવાનો પ્રયાસ કરતો હતો. તાજેતરમાં યુવતી ઘરેથી દૂધ લેવા માટે નીકળી હતી ત્યારે યુવકે રસ્તામાં રોકીને ધમકીભર્યા શબ્દોમાં કહ્યું હતું કે, "મારા મેસેજનો જવાબ કેમ નથી આપતી, તને બહુ ઘમંડ છે, તારો ઘમંડ ઉતારી દઈશ." આ ઘટનાથી યુવતી ભયભીત બની ગઈ હતી. યુવતીએ સમગ્ર ઘટના પોતાની મોટી બહેનને જણાવી હતી. ત્યારબાદ યુવકના પરિવાર સાથે વાતચીત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ પરિવારજનોએ યુવકની હરકતોને ગંભીરતાથી લેવાના બદલે તેનો બચાવ કર્યો હતો. જેના કારણે યુવતી અને તેના પરિવારની ચિંતા વધુ વધી હતી. અભયમની ટીમ યુવકના ઘરે પહોંચી પૂછપરછ કરવા ગઈ હતી, પરંતુ યુવક ઘરેથી ફરાર થઈ ગયો હતો. ફોન દ્વારા સંપર્ક કરવાનો પ્રયાસ પણ નિષ્ફળ રહ્યો હતો. યુવતી 11મા ધોરણમાં અભ્યાસ કરતી હોવાથી દરરોજ એકલી આવન-જાવન કરતી હતી અને યુવક દ્વારા અગાઉ આપવામાં આવેલી ધમકીઓને ધ્યાનમાં રાખીને યુવતીને જરૂરી માર્ગદર્શન અને સહારો આપીને યુવક વિરુદ્ધ સંબંધિત પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવાની કાર્યવાહી કરાવી હતી.

### ગ્રામજનોએ કલેક્ટરને આપ્યું આવેદનપત્ર

# ચોમાસા પહેલાં જ અંકોડિયા-ખાનપુર પર પૂરનું સંકટ,ગ્રામજનોમાં આક્રોશ



(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

અંકોડિયા, ખાનપુર અને સેવાસી ગામ સુધીના મુખ્ય વરસાદી પાણીના નિકાલના કુદરતી કાંસ પર કેટલાક તત્વો દ્વારા ગેરકાયદેસર માટીના પાળા બનાવી દેવામાં આવ્યા છે. આ અવરોધોને કારણે આગામી ચોમાસામાં અંકોડિયા સહિતના નીચાણવાળા વિસ્તારો પાણીમાં ડૂબી જવાની ભીતિ સેવાઈ રહી છે. આ ગંભીર બાબતે આજે અંકોડિયા ગ્રામ પંચાયત અને સ્થાનિક અગ્રણીઓ દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે કલેક્ટરને એક આવેદનપત્ર આપી કાંસ ખુલ્લો કરવા માંગ કરી હતી. સ્થાનિક નેતાઓ અને પૂર્વ જનપ્રતિનિધિઓએ કલેક્ટર સમક્ષ રજૂઆત કરતા જણાવ્યું હતું કે, ચોમાસા દરમિયાન ઉપરવાસના ગામો જેવા કે કોયલી, ઉંડેરા, બાજવા, દશરથ, રણોલી અને આસપાસના સીમ વિસ્તારનું કરોડો ગેલન વરસાદી પાણી વહીને કુદરતી ઢાળ મુજબ અંકોડિયા ગામના તળાવમાં એકત્રિત થાય છે. સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે, અંકોડિયા ગામ તળાવ અને કોયલી તરફથી આવતા મુખ્ય વરસાદી કાંસની બિલકુલ બાજુમાં જ ઈન્દિરા નગર-૧, ઈન્દિરા નગર-૨ અને કૃષ્ણનગર જેવા શ્રમિક અને ગરીબ પરિવારોના રહેણાંક વિસ્તારો આવેલા છે. જો કાંસ સાફ કરવામાં નહીં આવે અને પાળા તોડાશે નહીં, તો આ ગરીબ પરિવારોના ઘરોમાં કમરડૂબ પાણી ભરાઈ જશે અને દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારે માલ-સામાનનું નુકસાન વેઠવાનો વારો આવશે. કલેક્ટર કચેરી ખાતે રજૂઆત કરવા માટે અંકોડિયા ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ ઉલ્પેશ પટેલ, અનગઢ જિલ્લા પંચાયતના સભ્ય બિરેન પટેલ તથા ખાનપુર ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ પ્રિતેશ પટેલ સહિતના સ્થાનિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. તેમણે તંત્રને ચીમકી આપી હતી કે જો ૨૪ કલાકમાં કાર્યવાહી શરૂ નહીં થાય તો આંદોલન કરાશે.

# વડોદરા રેલવે સ્ટેશનથી મળેલા યુવકનું મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

ગત છઠ્ઠી તારીખે રાત્રે આશરે ૮:૦૦ વાગ્યાના સુમારે વડોદરા રેલવે સ્ટેશનના ગેટ નંબર બે પાસે એક યુવક ગંભીર સ્થિતિમાં પડેલો જોવા મળ્યો હતો. સ્ટેશન પર હાજર લોકો અને સુરક્ષાકર્મીઓએ તપાસ કરતા યુવક ભારે બીમારીથી પીડાતો હોવાનું માલૂમ પડ્યું હતું. પ્રાથમિક તપાસમાં આ ૨૫ વર્ષીય યુવકનું નામ સની પ્રસાદ દેવીપુજક હોવાનું જાણવા મળ્યું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે યુવકને તાત્કાલિક વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની નાજુક સ્થિતિને જોતા તેને હોસ્પિટલના ટીબી વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો હતો. સયાજી હોસ્પિટલના તબીબો દ્વારા યુવકને બચાવવા માટે પૂરતા પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ આખરે યુવકે દમ તોડ્યો હતો. પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી, મૃતદેહને પીએમ અર્થે મોકલી આપ્યો છે.

### એડવોકેટ શૈલેન્દ્રસિંહ ઘારિયાની નિમણૂક રદ કરાઈ

# શેખ બાબુના કસ્ટોડિયલ ડેથ કેસની એડવોકેટ અતુલ વ્યાસને સોંપાઈ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

ફતેહગંજ પોલીસ સ્ટેશનમાં 2019 દરમિયાન ચોરીના શકમંદ તરીકે ઝડપાયેલા શેખ બાબુ શેખ નિશારને પોલીસ કસ્ટડી દરમિયાન શારીરિક યાતના આપવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો થયા હતા. ફરિયાદ મુજબ પોલીસ દ્વારા કરવામાં આવેલી યાતનાના કારણે તેનું મૃત્યુ થયું હતું. એટલું જ નહીં, ઘટનાને લગતા મહત્વના પુરાવાઓનો નાશ કરવામાં આવ્યો હોવાનો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો. આ મામલે કેટલાક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સામે ગુનો નોંધાઈ કાર્યવાહી હાથ ધરાઈ હતી. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોપીઓને જેલ હવાલે કરવામાં આવ્યા હતા. અદાલતે કેસના ત્રણ આરોપીઓની જામીન અરજી પણ ફગાવી દીધી હતી. આ દરમિયાન ગુજરાત સરકારના ગૃહ વિભાગે ફતેહગંજ પોલીસ સ્ટેશનના ચકચારી શેખ બાબુ કસ્ટોડિયલ ડેથ કેસમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર બદલવાનો નિર્ણય કર્યો છે. ગૃહ વિભાગ દ્વારા તા. 2 જૂન, 2026ના રોજ જાહેર કરાયેલા ઠરાવ મુજબ આ ફેરફાર અમલમાં મૂકાયો છે.અગાઉ 2 એપ્રિલ, 2024ના લીગલ ડિપાર્ટમેન્ટના ઠરાવ મુજબ એડવોકેટ શૈલેન્દ્રસિંહ આઈ. ઘારિયાની આ કેસમાં સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી. જોકે સરકારની નવી વિચારણા બાદ તેમની નિમણૂક તાત્કાલિક અસરથી રદ કરવામાં આવી છે. તેમના સ્થાને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS), 2023ની કલમ-18(8) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને વડોદરાના એડવોકેટ અતુલ વ્યાસને નવા સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર તરીકે નિયુક્ત કરાયા છે. હવે આ ચર્ચાસ્પદ કેસમાં સરકાર તરફથી કોર્ટમાં દલીલો રજૂ કરશે. ઠરાવ મુજબ એડવોકેટ અતુલ વ્યાસને સબઓર્ડિનેટ કોર્ટ અને સેશન્સ કોર્ટમાં અસરકારક સુનાવણી દીઠ રૂ.20,000 તથા બિન-અસરકારક સુનાવણી દીઠ રૂ.2,000 મહેનતાણું ચૂકવાશે. આ આદેશ ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે ગૃહ વિભાગના નાયબ સચિવ અમૃત પટેલ દ્વારા જારી કરાયો છે. આદેશની નકલ એડવોકેટ અતુલ વ્યાસ, એડવોકેટ શૈલેન્દ્રસિંહ ઘારિયા, ડિરેક્ટર ઓફ પ્રોસિક્યુશન, ડીઆઈજી (લો એન્ડ ઓર્ડર), ન્યાયાધીશ વડોદરા તેમજ સરકારી વકીલને મોકલવામાં આવી હોવાનું સરકારી ઠરાવમાં જણાવાયું છે.

# એમ.ડી. ડ્રગ્સ કેસમાં અસલમ પઠાણને 10 વર્ષની કેદ,અન્ય નિર્દોષ

વડોદરાઃ 2 એપ્રિલ 2021ના રોજ આરોપીઓએ ડ્રગ્સની ખરીદ-વેચાણ માટે ગુનાહિત કાવતરું રચ્યું હતું. આરોપી અસલમ અહેમદ પઠાણ મુંબઈથી ઈનોવા ક્રિસ્ટા કારમાં મેફેડ્રોનનો જથ્થો લઈને વડોદરા તરફ આવી રહ્યો હતો. તેણે આ જથ્થો સહઆરોપી વાજીદ અહેમદને પહોંચાડવાનો હતો. કરજણ નજીક પાર્કિંગ વિસ્તારમાં પોલીસે રેઈડ કરી હતી. તપાસ દરમિયાન ચાર મીઠાઈના બોક્સમાંથી બોક્સમાં છુપાવેલો 99 ગ્રામ મેફેડ્રોન મળી આવ્યો હતો. પોલીસે અસલમ પઠાણને સ્થળ પરથી ઝડપી પાડ્યો હતો અને અનુસંધાનમાં વાજીદ અહેમદની પણ ધરપકડ કરાઈ હતી 7મી એડિશનલ સેશન્સ કોર્ટ, વડોદરાએ અસલમ અહેમદ પઠાણને દોષિત ઠેરવી 10 વર્ષની સખત કેદ તથા રૂ. 1 લાખ દંડની સજા ફટકારી હતી. દંડ ન ભરે તો વધુ એક વર્ષની સાદી કેદ ભોગવવાનો હુકમ કર્યો છે. બીજી તરફ, વાજીદ અહેમદ શેખ નિર્દોષ જાહેર કર્યો હતો.

### ફાયર બ્રિગેડે આગ પર કાબૂ મેળવ્યો ,જાનહાનિ ટળી

# દરજીપુરા RTOના મેદાનમાં કચરો સળગાવતા બસ આગની ચપેટમાં

(પ્રતિનિધિ) વડોદરા તા.15

દરજીપુરા સ્થિત આરટીઓ કચેરીના ખુલ્લા મેદાનમાં આજે નમતી સાંજે કચરો સળગાવતા એક મિની બસ આગની ચપેટમાં આવી ગઈ હતી. ફાયરબ્રિગેડના જવાનોએ સમયસર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. મળતી માહિતી મુજબ આરટીઓ કચેરી દ્વારા સમયાંતરે વિશેષ ડ્રાઈવ દરમિયાન નીતિ નિયમોનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવે છે. સાથે લાંબા સમયથી ટેક્સ ન ભરનાર વાહનોને પણ જપ્ત કરી કચેરીના મેદાનમાં મુકવામાં આવે છે. જપ્ત કરેલા વાહનોની બાજુમાં સૂકા પાંદડા સહિતનો કચરો સળગાવવામાં આવ્યો હતો.



પવનના કારણે આગ પ્રસરી જતાં પાસે પડેલી એક મીની બસ ભડભડ સળગવા લાગી હતી. આગ વધુ ફેલાતા અધિકારીઓ અને કર્મચારીઓ તુરંત દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ ફાયરબ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે ઘટના સમયે સાંજનો સમય હોવાથી સ્થળ પર કોઈ હાજર ન હતું, જેથી મોટી જાનહાનિ ટળી ગઈ હતી. સરકારી કચેરીના પરિસરમાં જ બેદરકારીથી કચરો સળગાવવાની ઘટનાને લઈને સલામતી વ્યવસ્થા સામે સવાલો ઉઠી રહ્યા છે.

### ડાયમંડ જ્યુબિલી બિલ્ડિંગનો હિસ્સો આસપાસની સોસાયટીના કમ્પાઉન્ડમાં પડ્યો

# બગીખાના રોડ પર જર્જરિત ઈમારત તોડતી વેળા પાણીની લાઈન તૂટી

**સેફ્ટી નેટ વિના** કામ થતું હોવાથી રહીશોનો જીવ તાળવે ચોંટ્યો, વળતરની માંગ



વડોદરાઃ શહેરના બગીખાના રોડ પર આવેલી ઐતિહાસિક ડાયમંડ જ્યુબિલીની જર્જરિત ઈમારતને તોડવાની કામગીરી દરમિયાન એક મોટી દુર્ઘટના સર્જાતા સર્જાતા રહી ગઈ છે. પાલિકાના કોન્ટ્રાક્ટર દ્વારા રાખવામાં આવેલી બેદરકારીને કારણે આસપાસની સોસાયટી અને એપાર્ટમેન્ટના રહીશોના જીવ જોખમમાં મુકાયા હતા, જેને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, વડોદરા મહાનગર સેવાસદન ના કોન્ટ્રાક્ટર દ્વારા છેલ્લા કેટલાક સમયથી ડ્રિલિંગ મશીન વડે આ જર્જરિત બિલ્ડિંગને ઉતારવાનું કામ ચાલી રહ્યું હતું. આ કામગીરી દરમિયાન સોમવારે અચાનક જ ઈમારતનો એક મોટો હિસ્સો પ્રચંડ અવાજ સાથે ધરાશાયી થયો હતો. આ ધડાકો એટલો તીવ્ર હતો કે આસપાસના એપાર્ટમેન્ટ્સ અને સોસાયટીઓ ધ્રુજી ઉઠ્યા હતા અને સમગ્ર વિસ્તારમાં ધૂળના ડમરી ઉડ્યા હતા. તૂટી પડેલો મોટો કાટમાળ બાજુના જ એક એપાર્ટમેન્ટના કમ્પાઉન્ડમાં આવી પડ્યો હતો, જેના કારણે ત્યાં આવેલી પાણીની મુખ્ય પાઈપલાઈન તૂટી ગઈ હતી અને દીવાલોને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું હતું. સ્થાનિક રહીશોએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું કે, જે સમયે આ ઘટના ઘટી ત્યારે કમ્પાઉન્ડમાં સામાન્ય રીતે નાના બાળકો રમતા હોય છે. સ્થાનિકોનો ગંભીર આક્ષેપ છે કે કોન્ટ્રાક્ટર દ્વારા સુરક્ષાના કોઈ પણ સાધનો કે સેફ્ટી નેટ રાખ્યા વિના જ આટલી જોખમી કામગીરી કરવામાં આવી રહી હતી.

### બહેનના અપમાનનો બદલો કે પૂર્વયોજિત હુમલો ?

# ખારવા સમાજના જમણવાર બાદ નવાપુરામાં એકાએક લોહીયાળ જંગ

**યુવતી સાથે** બોલાચાલીના મુદ્દે બે જૂથના યુવકો આમને-સામને આવ્યા

**એક પક્ષે બેટ** હુમલો કર્યો તો બીજા પક્ષે ચપ્પુના ઘા ઝીંક્યા,

**સામસામે** ફરિયાદ નોંધાતા પાંચ વિરુદ્ધ ગુનો દાખલ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

વડોદરાના નવાપુરા ખારવાવાડ વિસ્તારમાં ખારવા સમાજના જમણવારનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ થયેલો સામાન્ય વિવાદ લોહીયાળ જંગમા ફેરવાયો હતો. યુવતી સાથે થયેલી બોલાચાલી અને ગાળાગાળીના મુદ્દે બે પક્ષો વચ્ચે ઉગ્ર ઝપાઝપી સર્જાઈ હતી, જેમાં એક યુવકને ચપ્પુના ઘા વાગ્યા હતા તો બીજા યુવકે પોતાના માથામાં બેટથી ઈજા પહોંચી હોવાનો આક્ષેપ કર્યો છે. બંને પક્ષોએ એકબીજા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે પાંચ સામે ગુનો નોંધ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર ખારવા સમાજના જમણવાર દરમિયાન પ્રગ્નેશ ઉર્ફે બિટ્ટુ ખારવાની બહેન અન્ય યુવતીઓ સાથે કાર્યક્રમમાં હાજર હતી. તે દરમિયાન મનોજ ખારવા સાથે કિંજલની બોલાચાલી થઈ હોવાનું અને ગાળાગાળી કરવામાં આવી હોવાનું પરિવારજનોનો આક્ષેપ છે. ઘટનાથી વ્યથિત સગીરા ઘરે પરત ફરી હતી.

થોડા સમય બાદ પ્રગ્નેશ ઉર્ફે બિટ્ટુ ખારવાએ મનોજ ખારવાને મળી પોતાની બહેન સાથે થયેલા વર્તન અંગે સવાલ કર્યો હતો. ફરિયાદ મુજબ આ મુદ્દે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ હતી. પ્રગ્નેશનો આક્ષેપ છે કે મનોજે નજીકમાં પડેલો બેટ ઉઠાવી તેના માથામાં ફટકો માર્યો હતો, જેના કારણે વાતાવરણ વધુ તંગ બન્યું હતું. ઝપાઝપી દરમિયાન પ્રગ્નેશે મનોજને ચપ્પુ માર્યો હોવાનું પોતાના નિવેદનમાં સ્વીકાર્યું છે. બીજી તરફ મનોજ ખારવાએ પોતાની ફરિયાદમાં આરોપ મૂક્યો છે કે પ્રગ્નેશ સહિત ચાર લોકોએ તેના પર હુમલો કરી છાતી અને જાંઘના ભાગે ચપ્પુના ઘા ઝીંક્યા હતા.

ઈજાગ્રસ્ત મનોજને સારવાર માટે એસ.એસ.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેને અનેક ટાંકા લેવા પડ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટનામાં બંને પક્ષો દ્વારા એકબીજા સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. નવાપુરા પોલીસે બંને પક્ષની ફરિયાદોના આધારે પાંચ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### વોર્ડ ૧૩-૧૪માં મેગા ડિમોલિશન

# બરાનપુરામાં દબાણગ્રસ્ત ઓટલા અને શેડ તોડયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૫

શહેરના મધ્યમાં આવેલા અને સતત ટ્રાફિકથી ધમધમતા બરાનપુરા ત્રણ રસ્તા ચોકથી ચોખંડી તરફ જવાના માર્ગ પર વડોદરા મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની એક મોટી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પાલિકાની દબાણ શાખા દ્વારા વોર્ડ નંબર ૧૩ અને ૧૪ના ત્રિકોણીય વિસ્તારમાં રસ્તા નડતરરૂપ અને ગેરકાયદેસર રીતે ઊભા કરાયેલા પાંચ પાકા ઓટલા અને ત્રણ મોટા શેડ પર બુલડોઝર ફેરવી દઈને સમગ્ર માર્ગ ખુલ્લો કરવામાં આવ્યો હતો.

દબાણ હટાવવાની આ કડક કાર્યવાહી શરૂ થતાં જ ઘટનાસ્થળે સ્થાનિક રહીશો અને વેપારીઓના મોટા ટોળાં એકત્ર થઈ ગયા હતા. કેટલાક વેપારીઓ અને સ્થાનિક લોકોએ પાલિકાની આ કામગીરી સામે વિરોધ નોંધાવવાનો પ્રયાસ પણ કર્યો હતો, પરંતુ સ્થળ પર તહેનાત પોલીસ



કાફલાએ તુરંત જ મામલો થાળે પાડીને લોકોને સમજાવી ત્યાંથી ખસેડ્યા હતા.

કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ જવાનો દ્વારા વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. પાલિકાના સત્તાધીશોના જણાવ્યા અ નુસાર, જાહેર રસ્તાઓ પર વેપારીઓ અને સ્થાનિકો દ્વારા કરાયેલા ગેરકાયદેસર દબાણોના કારણે વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી. આ ઓપરેશન દરમિયાન જેસીબી મશીન વડે બાંધકામો તોડી પાડવાની સાથે રોડ પર પડેલો અન્ય દબાણરૂપ સામાન પણ જપ્ત કરાયો હતો,